ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૧૫ ટકા

# શહેરમાં ગરમીના કારણે ડિહાઈડ્રેશનની બિમારી વકરી

## ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી ઉપર થવાથી શહેરમાં લૂ લાગવાથી માથાનો દુ:ખાવો, ઉલટી, ચકકર આવવા જેવી બિમારીઓ વકરી

ગાંધીનગર, તા.૬

શહેરમાં કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. સવારના ૧૦ વાગ્યાથી ગરમી શરૂ થઈ ગઈ છે ત્યારે શહેરમાં ગરમીના કારણે રોગચાળો વકર્યો છે. બપોરના સમયે ગરમ પવનોના કારણે લૂ લાગવાથી બિમારી વકરી રહી છે. ગાંધીનગરમાં ૪૨ ડિગ્રીએ ગરમીનો પારો પહોંચ્યો છે. ગરમીના કારણે પેટમાં દુ:ખાવો, ઝાડા ઉલટી કે છાતીમાં દુ:ખાવો અને ચકકર આવીને બેભાન થઈ જવા જેવા સંખ્યાબંધ કેસ વધી રહ્યા છે ૧૦૮ને મળતા કોલમાં સૌથી વધુ પેટમાં દુખાવો અને ચકકર આવવાના કેસ નોંધાય છે.



હવામાન વિભાગે આકરી ગરમીની આગાહી કરી છે તેને જોતા સન સ્ટ્રોકથી બચવા માટે બીનજરૂરી ઘરની બહાર નીકળવાનું ટાળવુ જોઈએ. વૃધ્ધો નાના બાળકો અને સગર્ભા મહિલાએ ખાસ ધ્યાન રાખવું જોઈએ. શહેરીજનોએ દિવસ દરમિયાન પુષ્કળ પાણી પીવું, છાશ, લીંબુ શરબત અને ઓઆરએસ પીવું જોઈએ તો આકરી ગરમીમાં શહેરીજનોએ બહારનો ખોરાક ખાવાથી પણ દૂર રહેવું જોઈએ.

### ઉનાળાની શરૂઆતમાં જ આટલી ગરમી કેમ?

હીટ વેવને આપણે સરળ ભાષામાં લૂ કહીએ છીએ. જે એક અત્યંત ગરમ આબોહવાની સ્થિતિ છે. તે સામાન્ય રીતે બે અથવા તેથી વધુ દિવસો સુધી રહે છે જયારે તાપમાન કોઈ નિશ્ચિત વિસ્તારના ભૂતકાળના સરેરાશથી વધી જાય છે ત્યારે તેને હીટવેવ અથવા લૂ કહે છે જયારે મેદાની વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી અને પર્વતીય વિસ્તારોમાં ૩૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય છે. ત્યારે તેને ભયાનક લૂની શ્રેણીમાં મૂકવામાં આવે છે જયારે તટીય વિસ્તારોમાં તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસથી વધી જાય ત્યારે હીટ વેવની શરૂઆત થતી હોય છે. માર્ચથી જૂન દરિયાન હીટવેવ આવતી હોય છે.કેટલીક અપવાદરૂપ ઘટનાઓમાં તે જુલાઈમાં પણ આવે છે. સૌથી વધારે મે મહિનામાં તે અનુભવાય છે. હીટ વેવના કારણે શરીરમાં પાણીની ઘટ, થાક લાગવો, નબળાઈ આવવી, ચકકર આવવા, માથાનો દુ:ખાવો, ઊલટી, આંતરડામાં દુ:ખાવો, પરસેવો થવો અથવા હીટ સ્ટ્રોક થઈ શકે છે. હીટવેવના કારણે માનસિક તણાવ પણ વધી શકે છે તેથી દિવસ દરમિયાન બહાર જવાનું ટાળવું જોઈએ.

હવામાન વિભાગે વધતી ગરમી સામે શહેરીજનોને પોતાનું રક્ષણ કરવા સાવચેતી રાખવા સૂચન કર્યા છે. જેમાં નાગરિકોએ ઠંડાં પીણાં ન પીવા, બહાર ગરમીમાં ફરવુંનહી, શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા સૂચન કર્યુ છે.

શહેરીજનોમાં ડીહાઈડ્રેશનની અસર થઈ રહી છે. ઉનાળાની સિઝનની શરૂઆત થતાં જ ગરમીના કારણે રોગનું પ્રમાણ વધી રહ્યું છે. પ્રાઈવેટ દવાખાના અને મેડિકલમાં માથાના દુખાવા, ઊલટી, ચકકર આવવા, પેટમાં દુખાવો જેવા લક્ષણોની દવા લેવા માટેના ગ્રાહકો વધારે આવી રહ્યા છે.

## મહિલા પતંજલી યોગ સમિતિ દ્વારા ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે ત્રણ દિવસીય યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૬

યોગ શિબિરના કાર્યક્રમમાં દ્વિતીય દિવસે મહિલા પતંજલી યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ ડો. નેહલ દેસાઈ તથા સોશિયલ મીડિયા પ્રભારી ડોક્ટર કવિતા બાવરી દ્વારા છાત્રાઓને યૌગિક જોગીગ, સૂર્ય નમસ્કાર બેસીને કરવાના આસન તથા સુઈને કરવાના આસનોનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં લગભગ દોઢસો જેટલી વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં માર્ગદર્શન અને સહાયતા માટે પતંજલિ યોગ સમિતિ ગાંધીનગરના જિલ્લા અધ્યક્ષ યોગાચાર્ય કાનજીભાઈ બાવરી, પતંજલિ યોગ સમિતિના મહામંત્રી જે.બી મહેતા સાહેબ તથા ગુજરાત વિદ્યાપીઠના શિક્ષક ગણ ઉપસ્થિત રહ્યા હતા.



સેકટર-૫ વસાહત અગ્રણી સિનિયર સિટિઝન યોગાગૃપના સભ્ય કાન્તીલાલ એમ. પંડયા દાદાના જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દાદા એ ૮૪ વર્ષ પુરા કરી ૮૫માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. તેઓ દ્વારા રૂપાલ વરદાયિની માતાજીના દર્શન કરાવી સેકટર-૫ યોગાગૃપના સભ્યોને વરદાયિની માતાજી મંદિર ખાતે સિનિયર સિટિઝનોને જમાડવામાં આવ્યા હતા. યોગાગૃપના સભ્ય તથા સેકટર-૫ વસાહત મહામંડળના ઉપપ્રમુખ મુળસિહ ચાવડા દ્વારા પુષ્પગુચ્છ આપી જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી આ પ્રસંગે સેકટરના સિનિયર સિટીઝનોએ હાજર રહી પંડયા દાદાને જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.



## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ૨૪મા વાર્ષિકોત્સવની ઉજવણી





ગાંધીનગર, તા.૬

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ તેમજ બી.એ., સેમેસ્ટર-૬ અને એમ.એ., સેમેસ્ટર-૪ની વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો.

આ સમારંભના ઉદઘાટક તરીકે ડૉ. કુબેરભાઈ ડીંડોર (રાજયકક્ષાના મંત્રી, ઉચ્ચ અને તકનીકી શિક્ષણ તેમજ સંસદીય બાબતો), મુખ્ય મહેમાનપદે ડૉ. હિમાંશુ પંડયા (કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી) તેમજ અતિથિ વિશેષ તરીકે ધવલભાઈ રાવલ (સિન્ડિકેટ મેમ્બર, ગુજરાત યુનિ.) ઉપસ્થિત રહ્યા હતા. પ્રાર્થના, સ્વાગતગીત, યુનિવર્સિટી ગીત બાદ મહેમાનોનું શાબ્દિક સ્વાગત પ્રિ. ડૉ. એમ.એમ. ચૌધરીએ કર્યું હતું. ગોલ્ડ મેડલ મેળવેલ દેવાણી હિમાંશી, સરદાર પટેલ એવોર્ડ મેળવલ કુ. ઠાકોર પાર્વતી ઉપરાંત શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમતગમત અને સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર દીકરીઓને મહાનુભવોના હસ્તે ટ્રોફી, મેડલ, સર્ટીફીકેટ આપી નવાજવામાં આવી હતી.

આ તબક્કે નેટ, સ્લેટ અને પીએચડી કરેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ અને વર્તમાન વિદ્યાર્થીઓમાં પ્લેસમેન્ટ પામેલ વિદ્યાર્થીનીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને દીપાવવા અખિલ આંજણા કેળળણી મંડળના ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, જેસંગભાઈ ચૌધરી, વરજીભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી, સહમંત્રી લાલજીભાઈ ચૌધરી, પૂર્વપ્રમુખ એમ.કે.ચૌધરી ખજાનચી, એમ.એમ. ચૌધરી આંતરિક ઓડિટર બાબુભાઈ ચૌધરી, ભેમજીભાઈ ચૌધરી કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી વગેરે ઉપસ્થિત રહીને સહભાગી બન્યા હતા. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું તો સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન સીમા ચૌધરી અને ઠાકોર તોરલે કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સાંસ્કૃતિક સમિતિએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગરમાં 'ઈન્ડિયન સિરામિક્સ એશિયા ૨૦૨૨'નો પ્રારંભ

### રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ એક્સ્પોને ખુલ્લો મુક્યો : ૧૧થી વધુ દેશોની ૧૦૦થી વધુ કંપનીઓની ૧ હજારથી વધુ પ્રોડક્ટનું ડિસ્પ્લે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર ખાતે સેક્ટર-૧૭માં હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે તા.૬ થી ૮ એપ્રિલ સુધી સિરામિક ઉદ્યોગ રો-મટિરિયલ્સ અને મશીનરીમાં સતત અપગ્રેડ રહે તેવા ઉદેશ સાથે ભારતના અગ્રણી ટ્રેડ ફેરની ૧૬મા 'ઈન્ડિયન સિરામિક્સ એશિયા ૨૦૨૨'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સિરામિક એક્સપોનું આજે ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગના રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે અહીં ડિસ્પ્લેમાં ૫૦૦થી વધુ મુખ્ય બ્રાન્ડ્સ તેમના ઉત્પાદનો અને એક હજારથી વધુ ટેકનિકલ પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સ રજૂ કરાયાં છે જેમાં ૧૧થી વધુ દેશોની ૧૦૦ કરતાં પણ વધુ કંપનીઓ સામેલ છે.

ઈન્ડિયન સિરામિક્સ એશિયા સિરામિક્સ અને બ્રિક ઉત્પાદન ક્ષેત્રોને જ્ઞાન, ટેકનોલોજી




અને બજારની તકો પ્રદાન કરશે. આધુનિક મશીનરી, ઉચ્ચ ગુણવત્તાની કાચી સામગ્રી, વિશ્લેષણ અને લેબોરેટરી સાધનો, ટેકનિકલ સિરામિક્સ, સંગ્રહ માટેના સાધનો, સામગ્રીનું સંચાલનનું પ્રદર્શન કરવામાં આવ્યું આ એક્ઝિબિશન ૭ હજાર ચો.મી.માં ફેલાયેલું છે જેમાં બાંગ્લાદેશ, ચીન, જર્મની, ભારત, ઈરાન, ઈટાલી, પોર્ટુગલ, સ્પેન, તુર્કી, યુકે, યુનાઈટેડ અરબ અમીરાતના એક્ઝિબીટર્સ ભાગ લેશે. એક્સપોમાં ૨૦થી વધુ દેશોમાંથી ૫ હજારથી વધુ ઈન્ડસ્ટ્રી મુલાકાતીઓ ટ્રેડ ફેરની મુલાકાત લેશે તેવી અપેક્ષા આયોજકો દ્વારા સેવાઈ રહી છે.

ગ્લોબલ સિરામિક્સ ઈન્ડસ્ટ્રી બજારનું કદ ૨૦૨૦માં ૨૪૭.૪ બિલિયન ડોલર હતું અને તે ૨૦૨૧થી ૨૦૨૮ દરમિયાન ૪.૪ટકાના દરે વૃદ્ધિ થવાની અપેક્ષા છે. જેમ વિશ્વમાં બાંધકામમાં સતત વૃદ્ધિ થઈ રહી છે, ટાઈલ્સ અને સેનિટરી વેર જેવા ઉત્પાદનોમાં પણ સિરામિક્સનો ઉપયોગ સિનર્જેટિક વિકાસની ખાતરી આપશે. ઈન્ડિયન સિરામિક્સ એશિયા, જે ઈન્ડિયન સિરામિક અને બ્રિક ઈન્ડસ્ટ્રીને ૧૫થી વધુ આવૃત્તિઓથી સેવા આપી રહ્યું છે, તે ફરી એકવાર ઈકોસિસ્ટમને કનેક્ટ કરવા અને વાણિજ્યમાં કન્વર્ટ કરવા માટે આદર્શ પ્લેટફોર્મ પ્રદાન કરશે.

આ વર્ષના ઈન્ડિયા સિરામિક્સ એશિયાને બહુવિધ ટ્રેડ એસોસિએશન જેમ કે, મોરબી સિરામિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશન, ધ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધ એસોસિએશન ઓફ ઈટાલિયન મેન્યુફેક્ચરર્સ ઓફ મશીનરી એન્ડ ઈક્વિપમેન્ટ ફોર ધ સિરામિક્સ ઈન્ડસ્ટ્રી, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સિરામિક ટાઈલ્સ એન્ડ સેનિટરી વેર તરફથી જબરદસ્ત સમર્થન પ્રાપ્ત થયું છે.

## શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ભાટ ખાતે ટેકનિકલ ફેસ્ટિવલનું આયોજન



ગાંધીનગર, તા.૬

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ભાટ ગાંધીનગર ખાતે 'નિજાનંદ ૨૦૨૨' એટલે કે ટકનિકલ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સાથે સાથે રમતગમત અને અન્ય કાર્યક્રમોનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્યત્વે આકર્ષણનું કેન્દ્ર પ્રોજેક્ટ **presentation** અને પ્રોજેક્ટ ડેમોસ્ટ્રેશન રહ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડો.સુભાષ બ્રહ્મભટ્ટ( શ્રેયાંથ યુનિવર્સિટી, રજિસ્ટ્રાર) તથા કનુભાઈ ચૌધરી, ડિરેક્ટર, દૂધસાગર ડેરી , મહેસાણા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના ભાગરૂપે વિવિધ શાખાના વિદ્યાર્થીઓએ ટેકનિકલ અને ઈનોવેટિવ પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. દરેક પ્રોજેક્ટને અતિથિ વિશેષ અને મહેમાનો દ્વારા ચકાસવામાં આવ્યા હતા.

આ સાથે વિશેષ પ્રોજેક્ટ ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓએ ખેતી બાંધકામ, મિકેનિકલ, સિવિલ ઈજનેરી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી કમ્પ્યુટર સાયન્સ તેમજ સ્માર્ટ પાર્કિંગ અને સ્માર્ટ **Governance** ને લગતા વિશેષ પ્રોજેક્ટ બનાવી અને લાઈવ ડેમોસ્ટ્રેશન આપ્યું હતું.

આ પ્રોજેક્ટ ફેસ્ટિવલ થકી સંસ્થાએ ભારત સરકારના ટીમ ઈન્ડિયા પ્રોજેક્ટને એક નવો જ આયામ મળે તે વિચારી દરેક પ્રોજેક્ટને સરકારી સહાય મળે તે માટે વિશેષ આયોજનના ભાગરૂપે શ્રી સ્વામિનારાયણ ઈક્યુબેશન સેન્ટર દ્વારા નાણાકીય સહાય આપવાનું પણ વિશેષ આયોજન કર્યુ હતું.

## સેક્ટર-૩-ડી ખાતે આનંદનો ગરબો યોજાયો



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તોની ઉપસ્થિતિ માં આનંદનો ગરબો સેક્ટર-૩-ડી ખાતે સાઈ બાબા મંદિરમાં યોજાયો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પરમાર હિતેશભાઈ મહેન્દ્રભાઈ, ઉ.વ.૨૫, અમદાવાદ
- સ્વ. ઠાકોર પોપટજી આતાજી, ઉ.વ. ૪૭, કોલવડા
- સ્વ. ઠાકોર મંગાજી જવાનજી, ઉ.વ. ૪૩, મહુન્દ્રા
- સ્વ. ઝાલા તેજલબા ઝલકસિંહ, ઉ.વ. ૨૮, સેકટર-૨૪
- સ્વ. પ્રજાપતિ મનુભાઈ સોમાભાઈ, ઉ.વ.૭૨, બોરીજ

## અવધેશ પ્રસાદ ગૃહસ્થાશ્રમ ત્યાગી દિક્ષા ગ્રહણ કરી સંન્યાસઆશ્રમ અપનાવી બન્યા પ્રજ્ઞાનંદ સરસ્વતી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં રવિવારના રોજ સેકટર-૧૨ માં સ્થિત બલરામ ભવન ખાતે એક ભવ્ય સંન્યાસી દિક્ષા સમારંભ યોજાયો હતો. જેમાં સરકારના નિવૃત્ત ઈજનેર અવધેશ પ્રસાદ પાન્ડેજી એ સન્યાસ આશ્રમને અપનાવી ભગવો ભેખ ધરી હવે પછીનું પુરૂં જીવન સ્વામી દયાનંદ સરસ્વતીના માર્ગ ઉપર કામ કરવા માટે સમર્પિત કર્યું હતું. ત્યારે આજના બનેલા કર્મઠ સન્યાસી પ્રજ્ઞાનંદ સરસ્વતીના પરિવારની આંખો ભીની લાગણીઓથી છલકાઈ રહી હતી, ત્યારે સમાજ જીવન માટે કંઈક કરી છૂટવા સંસાર ત્યાગીને બનેલા સન્યાસીની આંખો અને ચહેરા ઉપર વિરકત્તાના ભાવ સાથે અંતરની ઉર્મિઓનું હાસ્ય છલકાતું જોવા મળ્યું હતું. હાથ ઉંચો કરી હવે પછીના પ્રજ્ઞાનંદ સરસ્વતીએ



મોટી સંખ્યામાં ઉપસ્થિત તેમના શુભેચ્છકોનું અભિવાદન ઝીલ્યું હતું.

પૂર્વ કાલના સંસ્કરણમાં જન્મ લેનાર વ્યક્તિ ફરજીયાત રીતે પૂરા જીવન દરમિયાન ચાર પ્રકારના આશ્રમમાંથી તેને પસાર થવું પડતુ હતું. જેના કારણે આજે એ પ્રથા ભલે ક્ષીણ થઈ હોય, પરંતુ ભારત જેવા દેશમાં ધર્મની ઉન્નતિ જોવા મળી રહી છે. ધાર્મિકતામાં વિચારોની ભિન્નતા અનેક હોય પણ ઈશ્વર પ્રાપ્તિને પામવાનો માર્ગ એક જ હોય ! જેને કહેવાય ત્યાગ એટલે જ મહાપુરૂષે કહ્યું છે કે, ''ત્યાગે સો આગે'' આજ પ્રકારે સંન્યાસ આશ્રમ અપનાવનાર અવધેશજી પાન્ડે સરકારના ઉચ્ચ અધિકારી તરીકે તેમની સેવાઓ રહી નિવૃત્ત થયા. તેમની ગાંધીનગર શહેરમાં રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના પ્રખર સ્વયં સેવક હોવાથી તેમની આગવી છાપ આસપાસના વૃંદમાં ઉભી થઈ હતી અને સાથે સ્વામી દયાનંદ સરસ્વતી દ્વારા કંડારાયેલ માર્ગ વૈદિક દાર્શનિકતાનું અધ્યયન કરી તેમની વિદ્વવતા તેમણે પ્રસ્થાપિત કરી હતી. જેથી આધ્યાત્મિક જગતમાં ડૂબકી મારનાર ઘણાં લોકો અવધેશ પ્રસાદ પાન્ડેજીથી પરિચિત હતા અને એટલે જ તેમનો દિક્ષાંત સમારોહ માનવ મહેરામણથી દીપી ઉઠેલો જોવા મળી રહ્યો હતો. ગાંધીનગરના અનેક લોકો આ ક્ષણના સાક્ષી બન્યા હતા. સત્યનો ઉપદેશ અને સત્યના આચરણ માટે અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાંથી ઉપસ્થિત રહેલા હરીશ્વરાનંદજીના કર કમલોથી સન્યાસ ગ્રહણ અવધેશ પ્રસાદ પાન્ડેએ કર્યો હતો અને તેમણે પ્રજ્ઞાનંદ સરસ્વતી નામ ધારણ કરાવ્યુ હતું. સંન્યાસ દીક્ષાના સંસ્કાર પ્રો. ભાવપ્રકાશ ગાંધીએ કરાવ્યા હતા.

## જન્મદિને વધામણી



પરાગભાઈ એમ. સોની
મો. ૯૮૨૫૫ ૫૧૪૩૦




મીનાક્ષીબેન ડામોર



રચના બી રાવલ



કરુણા અનિલકુમાર બોરા
મો. ૯૪૦૯૪ ૦૮૩૫૪



કહાન રુચિર શુક્લા



મોક્ષ રાજપૂત
મો. ૯૯૦૯૯ ૪૮૩૫૮



રિગ્વેદ સંદીપ જગતાપ
મો. ૯૮૭૯૮ ૦૭૩૧૧



સમીર મનસુરી



વિહાન હાર્દિક શ્રીમાળી
મો. ૯૪૨૬૭ ૦૬૫૪૬



પંકજભાઈ ત્રિવેદી
મો. ૯૪૨૮૦ ૫૦૪૭૩